HDU-1601010102010100 Seat No. ________

# M. A. (Sem. I) (CBCS) Examination

November / December – 2017

## Gujarati : CCT - 01

*(ભાષા-સાહિત્ય કૌશલ)*

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) જમણી બાજુના આંકડા પ્રશ્નના ગુણ દર્શાવે છે.

(૨) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.

(૩) બધા પ્રશ્નોના ગુણ સરખા છે.

૧ નીચે આપેલ કાવ્યોમાંથી કોઈ પણ **એક**નું રસદર્શન કરાવો : **૧૪**

(૧) **સાગર અને શશી**

આજ મહારાજ ! જલ પર ઉદય જોઈને
ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે
સ્નેહધન કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે,
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
નવલ રસ ધવલ તવ નેત્ર સામે !
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી,
કામિની કોકિલા કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી,
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !
તરલ તરણી સમી સરલ તરતી !
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

- કવિ કાન્ત

(૨) **ગઝલ**

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના.
મલિયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના.
આ એક તારા અંગ ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.
મ્હેકી રહી છે મંજૂરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.
ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થયાં છે આજ તો છાંટા વસંતના.
ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.

- મનોજ ખંડેરિયા

૨ ગદ્યખંડનું સારલેખન કરો : (કોઈ પણ **એક**) **૧૪**

(૧) સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નીરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વ મંગલકારી કલ્યાણની ભાવના છે તેનું શબ્દ શરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રાસાદપૂર્ણ થવાનું જ. માટે કેવળ સાહિત્યની ઉપાસના ન કરતાં જો આપણે આર્ય અને પ્રસન્ન જીવનની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એને મેળે ફૂટી નીકળશે. બારડોલીનાં ખેતરમાં પૂજ્ય ગાંધીજી અને વલ્લભભાઈએ ઉચ્ચારેલી ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદાત્ત અને પ્રૌઢ બની છે. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવનની સુગંધ છે.

- કાકાસાહેબ કાલેલકર

(૨) વ્યક્તિમાં શક્તિ હોય પણ એ શક્તિને ખીલવવાનો અભ્યાસ ન હોય, જ્ઞાન ન હોય તો એ શક્તિ ઉપકારક થતી નથી. એ શક્તિ ખીલવવી હોય પણ એને સમાજહિતમાં જોતરવાની ભાવના ન હોય તો પણ એ ઉપકારક બનતી નથી. અર્જુનમાં કર્મ, જ્ઞાન અને ભક્તિનો સમન્વય થયો છે એટલે નમ્રતાનો ગુણ ખીલેલો છે. યુધિષ્ઠિર આદર્શમૂર્તિ હોઈ આપણને વંદનીય લાગે છે. ભીમ વાસ્તવિક મૂર્તિ હોઈ એને વખાણીએ તોયે એની અને આપણી વચ્ચે અંતર હોય તેમ લાગે છે, જ્યારે અર્જુનમાં આદર્શ અને વ્યવહારના મધ્યમ માર્ગનું સંયોજન થયું હોઈ છતાં તેને સ્થાને પહોંચી શકીએ તેવું બળ પણ આપે છે. આથી તો મહાભારતનો - સમાજનો - સંસારનો વીર નાયક છે. એ કેવળ મહાભારતનો વિજેતા નથી પરંતુ જીવનનો વિજેતા સુદ્ધાં છે. આ ગુણ જ્યાં હોય ત્યાં વિજય, વિકાસ, સાચું સુખ પ્રગટ્યાં વિના ન રહે, તે વ્યાસનો અર્જુન દ્વારા સંદેશ છે.

- ઈશ્વર પેટલીકર

૩ નીચેનામાંથી કોઈ પણ **એક** ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

(૧) કવિ નવી ભાષા નથી ઘડતો, વ્યવહારની ભાષામાંથી જ એ નવા સંકેતો ઊપજી આવે એવો સંદર્ભ રચે છે. આ સંદર્ભની રચના એ નવા સંકેતો ઊપજી આવે એવો સંદર્ભ રચે છે. આ સંદર્ભની રચના સમજવી, શબ્દમાંથી પ્રગટ થતી આ શક્તિનો પરિચય આપવો એ રસાસ્વાદની પ્રવૃત્તિનું અનિવાર્ય અંગ છે. કારણ કે એમાં જ કવિકર્મનો વિશેષ રહેલો છે. આપણા બધામાં રતિ, ઉત્સાહ, જુગુપ્સા, કરુણા, નિર્વેદ વગેરે ભાવો રહેલા છે. પણ એનો વિશિષ્ટ રૂપે સાક્ષાત્કાર કરવાની અનંત શક્યતાનો પરિચય કવિ આપણને કરાવે છે. આપણે કઈ અપેક્ષાઓ લઇને કવિતા પાસે જઇએ છીએ તે પણ તપાસવું જરૂરી બની રહી છે. મમ્મટ કાવ્યના પ્રયોજનમાં યશ, શિવતેરક્ષિતે, કાન્તાની રીતે અપાતો ઉપદેશ વગેરે ગણાવે છે ખરાં છતાં કાવ્યની મીમાંસા કરતી વેળાએ પ્રાધાન્ય આપે છે શબ્દની શક્તિને, કવિતા પાસેથી પણ વ્યવહારનું કામ કઢાવી લેવાની વૃત્તિ રાખીએ તો કવિના સર્જનકર્મનું આપણે ગૌરવ કરતા નથી એમ જ કહેવું પડે.''

- સુરેશ જોશી

(૨) સત્ય જે પારસમણિરૂપ છે, જે કામધેનુરૂપ છે તે કેમ જડે ? તેનો જવાબ ભગવાને આપ્યો છે, અભ્યાસ અને વૈરાગ્યથી, સત્યની જે તાલાવેલી તે અભ્યાસ, તે વિના બીજી બધી વસ્તુ વિશે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય. છતાં એકનું સત્ય બીજાનું અસત્ય એમ આપણે જોયા કરીશું તેથી ગભરાવાનું કશું કારણ નથી. જ્યાં પ્રયત્ન છે ત્યાં નોખાં જણાતાં બધા સત્ય તે એક જ ઝાડના અસંખ્ય નોખાં જણાતાં પાંદડા સમાન છે. પરમેશ્વર પણ કયાં પ્રત્યેક મનુષ્યને નોખો નથી જણાતો ? છતાં તે એક જ છે, એમ આપણે જાણીએ છીએ. પણ સત્ય નામ જ પરમેશ્વરનું છે, તેથી જેને જે સત્ય ભાસે તે પ્રમાણે વર્તે તેમાં દોષ નથી. એટલું જ નહીં, પણ તે જ કર્તવ્ય છે, પછી તેમ કરવામાં ભૂલ હશે તો પણ તે સુધરી જવાની છે જ. કેમ, કે સત્યની શોધની પાછળ તપશ્ચર્યા હોય, એટલે પોતે દુઃખ સહન કરવાનું હોય, તેની પાછળ મરવાનું હોય, એટલે તેમાં સ્વાર્થની તો ગંધ સરખીયે ન હોય તેથી સત્યની આરાધના એ ભક્તિ છે.

- ગાંધીજી

૪ છંદ એટલે શું ? કાવ્યમાં તેનું સ્થાન જણાવી પ્રકારો વર્ણવો. **૧૪**

**અથવા**

૪ અલંકાર એટલે શું ? કાવ્યમાં તેનું મહત્ત્વ સમજાવી અલંકારના મુખ્ય પ્રકારો જણાવો. **૧૪**

૫ ટૂંકનોંધ લખો : (કોઈ પણ **બે**) **૧૪**

(૧) પ્રૂફરીડિંગની સંજ્ઞાઓ

(૨) જોડણીનું મહત્ત્વ

(૩) વર્ણાનુપ્રાસ અને અનન્વય અલંકારો સદૃષ્ટાંત સમજાવો.

(૪) શિખરિણી અને ઝૂલણાં છંદનું બંધારણ સદૃષ્ટાંત આપી સમજાવો.

---